Letter No: SJED/0476/01/2023 Dt: 24-01-2023

**નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી દ્વારા અમલિત ૦૭ રાજ્ય પુરસ્કૃત કલ્યાણકારી યોજનાઓને રદ કરવા બાબત**

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2023/0063/A-1 Section**

**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખઃ**

**વંચાણે લીધાઃ-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૧/૧૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક:DDCW/0063/12/2022

**આમુખઃ-**

રાજ્ય સરકાર દ્વારા પછાત વર્ગો જેવા કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતીઓ તથા વિચરતી-વિમુક્ત જાતિઓના શૈક્ષણિક, આર્થિક અને આરોગ્ય વસવાટ અંગેના સર્વાંગી વિકાસ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ કલ્યાણકારી યોજનાઓ પૈકી જે યોજનાઓમાં છેલ્લા ૭ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઈની સામે શૂન્ય અથવા નહિવત ખર્ચ થતો હોઇ તેવી યોજનાઓને રદ કરવા માટે વંચાણે લીધા ક્રમાંક (૧) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા દરખાસ્ત કરેલ, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે આ વિભાગ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતીઓ તથા વિચરતી-વિમુક્ત જાતિઓ માટે અમલિત રાજ્ય પુરસ્કૃત કલ્યાણકારી યોજનાઓ પૈકી નીચે મુજબની ૭ યોજનાઓમાં છેલ્લા ૭ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઈની સામે શૂન્ય અથવા નહિવત ખર્ચ થતો હોઇ આ યોજનાઓને રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

| ક્રમ | યોજનાનું નામ |
|---|---|
| ૧ | બીસીકે-૧૦૦<br><br>કુટીર ઉદ્યોગો સહિત નાના પાયાના ધંધાઓ માટે સહાય (બેન્કેબલ યોજના) |
| ૨ | બીસીકે-૧૦૧<br><br>કળાકૌશલ્યના સાધનો ખરીદવા નાણાંકીય સહાય |
| ૩ | બીસીકે-૧૦૨<br><br>લેખક/ કવિઓને સાહિત્ય પ્રકાશન માટે નાણાંકીય સહાય |
| ૪ | બીસીકે-૧૦૩<br><br>કાયદા અને તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય |
| ૫ | બીસીકે-૩૦૧<br><br>એર હોસ્ટેસની તાલીમ માટે નાણાંકીય સહાય |
| ૬ | બીસીકે-૧૧૨<br><br>શહેરી વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના ઉદ્યોગ સાહસિકોને નાણાંકીય સહાય |
| ૭ | બીસીકે-૧૪૧<br><br>વિચરતી-વિમુક્ત જાતિના ધોરણ ૧ થી ૮ માં ભણતાં છોકરા-છોકરીઓને શૈક્ષણિક ખર્ચ તક |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૧/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,**

**(કલ્પના રાણા)**

**ઉપ સચિવ**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Date: 2023.01.24
16:17:18 +05:30

File No: SJED/MIS/e-file/17/2023/0063/A-1 Section
Approved By: R. J. Kharadi(DS,A Section,SJED)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**પ્રતિ,**

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**<u>નકલ રવાના:-</u>**

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી(નાણાં)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૯) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૦) સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Date: 2023.01.24
16:17:18 +05:30

File No: SJED/MIS/e-file/17/2023/0063/A-1 Section
Approved By: R. J. Kharadi(DS,A Section,SJED)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign